# ડાયાબિટીઝનાં દર્દીઓ માટે આશાનું કિરણ



## ડૉ. પીયૂષ દેસાઇ

### ડાયાબિટેલોજીસ્ટ

સુરતીઓ ખાવાપીવાના ખાસ શોખીન છે. ઘણી વખત તેઓ જીભના સ્વાદ માટે સ્વાસ્થ્યની પણ ચિંતા નથી કરતા. જેના પરિણામસ્વરૂપ આજે એક મોટો વર્ગ ડાયાબિટીઝની સમસ્યાથી પીડાઇ રહ્યો છે. આ ડાયાબિટીઝનાં દર્દીઓ માટે જો કોઇ આશાનું કિરણ હોય તો તે છે ડૉ. પીયૂષ દેસાઇ.

ડૉ. પીયૂષ દેસાઇએ સુરતની ગવર્નમેન્ટ મેડિકલ કોલેજમાં વર્ષ ૨૦૦૪ની સાલમાં એમ.બી.બી.એસ.ની પદવી પ્રાપ્ત કરી. ત્યાર બાદ સુરતમાં આ જ કોલેજમાંથી વર્ષ ૨૦૦૮માં ડૉ.શશાંક જોશીના માર્ગદર્શન હેઠળ એન્ડોક્રાઇનોલોજીમાં ફિઝિશ્યન એન્ડ સર્જ્યન્સ ફેલોશીપ મેળવી તથા ૨૦૦૯-૧૦ માં મુંબઇની જાણીતી લીલાવતી હોસ્પિટલમાં તેમના સહયોગી તરીકે કામ કર્યું. ત્યાર બાદ ડૉ. શશાંક જોશી સાથે પીયૂષભાઇ એન્ડોક્રાઇન ક્લિનિક બાંદ્રા ખાતે સલાહકાર અને ઘણાં સંશોધનકાર્યોમાં પણ સામેલ થયા. પીયૂષભાઇએ વિનાયક મિશન યુનિવર્સિટી, સાલેમમાંથી જાન્યુઆરી ૨૦૧૦માં ડાયાબિટીઝમાં ડિપ્લોમા પદવી પ્રાપ્ત કરી. ત્યાર બાદ વિક્ટોરિયા ગ્લોબલ યુનિવર્સિટી યુ.કે.માં ૨૦૧૧માં એફ.સી.સી.પી.ની ડિગ્રી મેળવી. આ ઉપરાંત યુનિવર્સિટી ઓફ સાઉથ વેલ્સ, યુ.કે. થી પી.જી.માં ડિપ્લોમા કર્યું. ત્યાર બાદ સુરત પરત આવીને તેઓ શહેરની જાણીતી મહાવીર સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ, પ્રમુખ સ્વામી હોસ્પિટલ બી.એ.પી.એસ અને વોકહાર્ટ હોસ્પિટલમાં પોતાની ક્લિનિક અને એડવાન્સ ડાયાબિટીઝ સેન્ટર ધરાવે છે. પીયૂષભાઇ ૨૦૧૨થી સુરતની ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં એન્ડોક્રનોલોજિસ્ટ તરીકે જોડાયા છે તથા તેઓ ૨૦૧૧થી એન્ડોકેરોલોજી ક્ષેત્રે રિસર્ચ કરી રહ્યા છે. તેમનો સ્પેશિયલ વિષય એરિયા ઓફ ઇન્ટરેસ્ટ ઇઝ જેસ્ટેશનલ ડાયાબિટીઝ એન્ડ ગ્રોથ ડિસઓર્ડર છે.

ડૉ. પીયૂષભાઇ દેસાઇના પ્રોફેશનલ એક્સપિરિયન્સની વાત કરીએ તો સુરત સિવિલ હોસ્પિટલમાં જનરલ રેસિડન્ટ, સિનિયર રેસિડન્ટ અને રજીસ્ટ્રાર તરીકે, કાર્ડિયોલોજી ડિપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ ખાતે રજીસ્ટ્રાર તરીકે, ડાયાબિટીઝ એન્ડ એન્ડોક્રાઇન ડિપાર્ટમેન્ટ લીલાવતી હોસ્પિટલ મુંબઇમાં એન્ડોક્રાઇન રજિસ્ટ્રાર તથા દેસાઇ એન્ડોક્રાઇન ક્લિનિક એસ વેલ એસ ન્યૂ સિવિલ હોસ્પિટલ સુરત અને એડવાન્સ્ડ ડાયાબિટીઝ સેન્ટરમાં કન્સલટન્ટ એન્ડોક્રાઇનોલોજીસ્ટનો બહોળો અનુભવ ધરાવે છે. આ સિવાય ડૉ.પીયૂષભાઇ દેસાઇ વિવિધ મેમ્બરશીપ પણ ધરાવે છે. તેઓ ૨૦૦૮માં એસોસિયેશન ઓફ સાયન્સીસ ઓફ ઇન્ડિયાના મેમ્બર બન્યા. ૨૦૦૯માં અમેરિકન કોલેજ ઓફ ક્લિનિક એન્ડોક્રાઇનોલોજીના સભ્ય બન્યા. ૨૦૧૦માં તેઓ ધ એન્ડોક્રાઇન સોસાયટી યુ.એસ.એ.માં જોડાયા. ૨૦૧૧માં આર.એસ.એસ.ડી.આઇની મેમ્બરશીપ લીધી. ૨૦૧૧માં તેમણે ઇન્ડિયન એન્ડોક્રાઇન સોસાયટીના પણ સભ્ય બન્યા. ત્યાર બાદ બોન એન્ડ મિનરલ રિસર્ચ સોસાયટી અને ઇન્ડિયન થાઇરોઇડ સોસાયટીના મેમ્બર બન્યા. ડૉ.પીયૂષભાઇ દેસાઇને અત્યાર સુધી ઘણા એવોર્ડ્સ પણ મળી ચૂક્યા છે. તેમાં યંગ ડાયાબિટેલોજીસ્ટ ઓફ ધ યર ફોર સ્પેશિયલ અવરનેસ ઇન કોમ્યુનિટી ઇન ૨૦૧૪-૧૫નો સમાવેશ થાય છે.

તેઓ સમાજસેવા માટે પણ હંમેશાં તત્પર રહે છે. આ માટે તેઓ સરકાર દ્વારા આયોજીત વિવિધ આરોગ્ય કેમ્પમાં ચિકિત્સક તરીકે સેવા આપે છે. વિવિધ એનજીઓ દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં જોડાય છે. પ્લસ પોલિયો રસીકરણમાં સક્રિય ભાગીદારી નોંધાવે છે. અન્ય ડાયાબિટીઝને લગતી એક્ટિવીટીઓમાં પણ સહભાગી બને છે. ડૉ. પીયૂષભાઇ દેસાઇ એક પ્રતિભા સંપન્ન ડાયાબિટીઝ સ્પેશિયાલિસ્ટ હોવાની સાથે સાથે લોકોની લાગણીઓ અને તેમના દુ:ખદર્દમાં સહભાગી થનારા એક સારા વ્યકિત તરીકે પણ હંમેશાં લોકહૃદયમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. ડૉ પીયૂષ દેસાઇ પાતાના અનુભવોને શેર કરતા જણાવે છે,'સુરતીઓ ખાનપાનના શોખીન છે તેમણે ખાનપાનની સાથે સાથે સ્વાસ્થ્ય પ્રત્યે પણ અગ્રેસર થવાની જરૂર છે.'

**સુરતીઓ ખાનપાનના શોખીન છે તેમણે ખાનપાનની સાથે સાથે સ્વાસ્થ્ય પ્રત્યે પણ અગ્રેસર થવાની જરૂર છે.**

વધુ જાણવા QR સ્કેન કરો

It is wise to keep in mind that neither success nor failure is ever final. - Roger Babson

